## પ્રમુખીય લોકશાહીઃ

# બેવફાઈનો બિલ્લો !



બેવફાઈના બિલ્લા !

**સંસદીય** પદ્ધતિનું જેને મુખ્ય પ્રતીક કહી શકાય એવા બ્રિટનમાં પણ પ્રધાનમંડળનું કદ વીસ સભ્યો પૂરતું જ સીમિત છે. આ પ્રકારનાં ધોરણો અન્ય સંસદીય પદ્ધતિની સરકારે અપનાવેલા દેશોમાં પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમ કે, જાપાન, જ્યાં પ્રધાનમંડળની સંખ્યા બંધારણ મુજબ વીસ પૂરતી મર્યાદિત હોય છે. (ઓસ્ટ્રેલિયામાં આ સંખ્યા ત્રીસની છે) આની સામે આપણે ત્યાંની કેન્દ્ર અને રાજયસ્તરની 'જંબો' કેબિનેટો એક પછી એક વિક્રમો તોડતી આવી છે. કેન્દ્રને તો બાજુએ રાખતા રાજ્યસ્તરે પણ થોડા સમય પહેલા ૬૭ પ્રધાનમંડળના જનતા દળના લાલુપ્રસાદ યાદવના વિક્રમને ઉત્તર પ્રદેશમાં ભાજપના કલ્યાણસિંહે ૯૨ સભ્યોના પ્રધાનમંડળની રચના કરી તોડ્યો હતો!

### *સામાજિક જીવનનો બોજ*

આપણે ત્યાં સામાન્ય રીતે સંસદસભ્ય તરીકે ચુંટાનાર વ્યક્તિને સમાજમાં પોતે અગ્રગણ્ય સ્થાન ભોગવી હોવાને લીધે સારો એવો સમય સામાજિક પ્રવૃત્તિઓમાં વ્યતીત કરવો પડે છે.

ફોકસ



જશવંત બી. મહેતા

jashwant@theemerald.com

આ બોજામાં પ્રધાન બન્યા પછી ઓર વધારો થતાં તે લગભગ અસહ્ય બની જાય છે એમ કહીએ તો પણ ખોટું નથી.

પ્રધાન બનનાર વ્યક્તિ આપણા સમાજમાં વી. આઈ. પી. બની જાય છે. લગ્ન પ્રસંગ હોય કે ઉદ્‌ઘાટનવિધિ હોય, પદવીદાન હોય કે સંસ્થાઓના સમારંભ હોય- આપણા લોકો માટે પ્રધાનસાહેબની હાજરી એક 'પ્રેસ્ટિજ ઈસ્યુ' બની ગઈ છે. મોટા ભાગના આવા પ્રસંગોમાં પ્રધાનોને આમંત્રવા પાછળ મુખ્ય હેતુ તેમની સાથે કંઈક સંબંધ બંધાય અથવા પરિચય વધારે ગાઢ થાય તે જ હોય છે. જેથી આ સંબંધ કે પરિચય જરૂર પડે ઉપયોગી નીવડે.

બીજી તરફ આપણા પરગજુ પ્રધાનો પણ ઉપકાર કરવા તત્પર હોય છે, કેમ કે આવા પ્રસંગોમાં હાજરી આપવાથી તેમને સમાચારોમાં જોઈતી પ્રસિદ્ધિ મળે છે. તેઓ પોતે પણ આ વસ્તુને પોતાની પ્રતિભા ઉપસાવવા માટે એક જરૂરી અંગ ગણે છે. આ બધી પ્રવૃત્તિઓમાં ઘણો સમય વીતતો હોવાથી પોતાને સોંપાયેલી મહત્ત્વની કામગીરી પર ધ્યાન આપવામાં ચોક્કસપણે ખલેલ પડે છે. પ્રમુખ પદ્ધતિમાં પ્રધાનોને આવી પ્રસિદ્ધિ સાથે ઘણો ઓછો સંબંધ હોવાથી તેઓ પોતાની કાર્યવાહી પર વધારે ધ્યાન આપી શકે એ નિર્વિવાદ છે. (ક્રમશઃ) ■